# આજથી નવલા નોરતાનો પ્રારંભ

**આસોની અજવાળી રાતમાં શક્તિની ભકિતનો દિવ્ય ઉજાસ પથરાશે : સેક્ટરોમાં રંગબેરંગી રોશની અને રંગોળીના સુશોભન વચ્ચે ગરબાની રંગત જામશે : કલ્ચરલ ફોરમના ગરબા મેદાનમાં લહેરાતી ધજા વચ્ચે અંબાજીની દિવ્ય જયોતનુ સ્થાપન કરાશે**

ગાંધીનગર તા ૨૮ નવરાત પર્વના પ્રારંભે સેકટરોમાં શેરીઓ વાળીને સજ્જ કરી દેવામાં આવી છે. માતાજીના હેતે ઓવારણા લેવા ભાવિકો ઉત્સુક છે.નવરાત્રિ એટલે નવદુર્ગાની ભક્તિ આરાધનાનુ દિવ્ય પર્વ.. આજથી નવલી નવરાતનો પ્રારંભ થશે. નવરાત્રિમાં નવદુર્ગાની ભક્તિ સાથે નવ યૌવન પણ હિલોળે ચઢશે સેકટરોની શેરીઓમાં રંગબેરંગી રોશની અને રંગોળીના સુશોભન વચ્ચે ગરબાની રમઝટ જામશે. સેકટરોમાં શેરી ગરબા , બેઠા ગરબા, આનંદનો ગરબો , મહાઆરતી સહીતના ધાર્મિક કાર્યક્રમોથી સેકટરોમાં માંઈભક્તિની અનોખી ચેતના જાગૃત થશે. સેકટરોમાં જગમગ થતા દિવડાઓના દિવ્ય ઉજાસ વચ્ચે ભાવિકો શકિતની ભક્તિમાં તલ્લીન બનશે. ગરબાની રંગત જામશે. લહેરાતી ધજાના થીમથી

● અનુસંધાન પાન-૭ પર

## આજે ભવ્ય શોભાયાત્રા નવદુર્ગાના નવ સ્વરૂપના પણ દર્શન થશે

નવલી નવરાતના પ્રારંભે આજે બપોરે ૩ કલાકે સે-૧૩ બી સ્થિત પ્લોટ નં -૯૭૬ : ૨ ની સામેના શકિત ચોકમાંથી નવદુર્ગાના નવ સ્વરૂપોની શોભાયાત્રા નિકળશે. વિવિધ ગરબા ગૃપો સાથે નવદુર્ગાના ટેબલો સાથેની ભવ્ય શોભાયાત્રા નગરના વિવિધ સેકટરોમાંથી પસાર થઈન રામકથા મેદાનના ગરબા ગ્રાઉન્ડમાં પહોંચશે. ગાંધીનગરથી છેલ્લા ત્રણ દાયકાથી પગપાળા અંબાજી જતા જય અંબે પરિવારના સભ્યો પવિત્ર યાત્રાધામ અંબાજીથી જયોતિ સ્વરૂપમાં અંબાજીને ગાંધીનગર લાવે છે માતાજીની આ જયોતિની શોભાયાત્રા નવરાત્રિના પ્રારંભે નિકળશે અને ગરબા મેદાનમાં પહોંચશે જયાં માતાજીની જયોતનુ પવિત્રતા પુર્વક સ્થાપન કરાશે. નગરમાં પ્રથમવાર આ પ્રકારની શોભાયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ છે. નગરના ભાવિકોને આ પ્રસંગે દર્શનનો લાભ લેવા પણ સંસ્થાના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ અપીલ કરી છે.



## જિલ્લામાં શંકાસ્પદ તાવના વધુ ૨૬૮ દર્દીઓ મળતાં તંત્ર હરકતમાં આવ્યુ

**હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૩૨૦૦થી વધુ તાવના દર્દી મળ્યા : સર્વેલન્સની કામગીરી ૭૪ ટકા પૂર્ણ થઈ : મંગળવાર સુધીમાં જિલ્લાના તમામ ગામો અને ઘરોને આવરી લેવાશે**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન આજે તાવના વધુ ૨૬૮ દર્દીઓ મળી આવ્યા છે. જિલ્લામાં ૩૨૦૦ થી વધુ શંકાસ્પદ તાવના દર્દીઓ મળી આવતાં આરોગ્યતંત્ર હરકતમાં આવ્યુ છે.

જિલ્લાની મેલેરિયાતંત્રની ટીમો દ્વારા આજે ૧૯૩૩૨ ઘરો અને ૯૧,૫૦૩ વ્યક્તીઓને સર્વેલન્સ હેઠળ આવરી લેવામાં આવેલ હતી. આ પૈકી ૨૬૮ દર્દીઓને શંકાસ્પદ તાવ જણાતાં તેમના લોહીના નમૂના મેળવી તપાસ માટે મોકલવામાં આવ્યા છે. મેલેરિયાતંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે અત્યાર સુધીમાં ચકાસણી અંતર્ગત આવેલ સ્લાઈડોમાંથી એક પણ દર્દીને મેલેરિયા પોઝીટીવ જણાયેલ નથી.

ટીમો દ્વારા આજે ૫૯ હજારથી વધુ પાત્રોની ચકાસણી કરવામાં આવી હતી જેમાંથી ૬૫૦ જેટલા પાત્રોમાં મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા. આ સ્થાનો પર તંત્રની ટીમો દ્વારા તાત્કાલિક એન્ટી લારવેલની કામગીરી કરી અને બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો હતો.

૨૩મી સપ્ટેમ્બરથી જિલ્લામાં શરૂ થયેલુ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ બે દિવસ લંબાવવામાં આવ્યુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૭૪ ટકા જેટલી કામગીરી આ સર્વેલન્સ દરમ્યાન આજ સુધીમાં સંપન્ન થઈ છે. મંગળવાર સુધીમાં તમામ ઘરોને સર્વેલન્સ હેઠળ આવરી લેવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

## વરસાદ એકપણ દિવસ ગેરહાજર રહેતો નથી : હળવા-ભારે ઝાપટા વરસ્યા

**દિવસ દરમિયાન આકાશમાં કાળા ડીબાંગ વાદળોનો ઘેરાવો : રીમઝીમ વરસાદથી ગરબા પ્રેમીઓમાં નારાજગી**





ગાંધીનગર તા ૨૮

શહેરમાં છેલ્લા એક સપ્તાહથી વરસાદી વાદળો આકાશમાંથી હટવાનુ નામ લેતા નથી. રોજબરોજ વરસાદના હળવા ભારે ઝાપટા વરસતા સેકટરોમાં વરસાદી પાણી સુકાવાનુ નામ નથી લેતુ. આજથી નવલા નવરાત પર્વનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે આકાશમાં સતત ગોરંભાયેલા વાદળો વચ્ચે ઝાપટા વરસાવતો વરસાદ સૌ કોઈ માટે ચિંતાનો વિષય બન્યો છે. નવરાત પર્વના આગળના દિવસે શનિવારે પણ દિવસ દરમિયાન સતત વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદ વરસતા સેકટરોમાં વરસાદી પાણીના ખાબોચિયા ઉભરાયા હતા. આસોની અજવાળી રાતના પ્રારંભે આકાશમાં સતત કાળા ડિબાંગ વરસાદી વાદળોની હાજરી ખૈલૈયાઓ અને ગરબા મહોત્સવના આયોજકો સહીત નગરજનોની આંખમાં ખુંચી રહી છે. સેકટરોમાં મહેનતથી તૈયાર કરાયેલા ગરબા મેદાનમાં રોજ સાંજ સુધીમાં વરસાદી પાણીના ભરાવા વચ્ચે કાદવ કિચ્ચડ સાથે ગંદકી પ્રવર્તેલી જોવા મળે છે. ત્યારે નવરાત પર્વની ઉજવણી સામે પણ અનેક સવાલો મંડરાયા છે. પરંતુ નવરાત્રિ પર્વની ઉજવણીનો અનુલક્ષી ગરબા મહોત્સવના આયોજકોએ તૈયારીમાં કોઈ કચાશ રાખી નથી. વરસાદી ઝાપટા વચ્ચે પણ ખૈલૈયાઓ ગરબે ઘુમવા ઉત્સુક છે ત્યારે હવે આકાશ વચ્ચે લુપાછુપી રમતા સુરજદાદ દિવસે આકરો તાપ વરસાવે તેવી આશ વચ્ચે ગરબા પ્રેમીઓ સવાર

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં સિઝનનો ૧૦૦ ટકા વરસાદ

**જિલ્લાની નદીઓ કોરી રહી પણ તળાવો અને સરોવરો છલોછલ ભરાઈ ગયા છે ! ગાંધીનગરમાં સૌથી ઓછો વરસાદ**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં ત્રણ વર્ષ બાદ ચોમાસાની સિઝનમાં ૧૦૦ ટકા કરતાં વધુ વરસાદ નોંધાયો છે. આજે પણ દિવસ દરમ્યાન જિલ્લાના ચારેય તાલુકામાં વરસાદી ઝાપટાનો માહોલ છવાયેલો રહ્યો હતો.

જિલ્લામાં ગત વર્ષે સિઝનનો વરસાદ ઘણો ઓછો થયો હતો તો એના આગળના વર્ષે ૮૦ ટકા વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વરસાદના દિવસોમાં પણ ઘટાડો થયો હતો.

આ વર્ષે વરસાદની પેટર્નમાં બદલાવ સાથે પાછોતરો વરસાદ સારો થયો છે એટલુ જ નહિ દિવસના સમય કરતાં રાત્રિના સમયે સારો વરસાદ નોંધાયો છે. જિલ્લામાં પાછોતરો વરસાદ પણ સારો પડ્યો છે. સામાન્યત: ઓગષ્ટ માસમાં અને જુલાઈમાં જરૂરિયાત જેટલો વરસાદ થઈ જતો હોય છે અને ૧૫ સપ્ટેમ્બર પછી ભાગ્યે જ વરસાદ થતો હોય છે. આ વખતે સપ્ટેમ્બર માસ પૂર્ણ થવા આડે હવે ગણતરીના દિવસો છે પણ વરસાદી માહોલ બરાબર જામ્યો છે.

જિલ્લામાં ૧૯૯૮ થી આજ સુધી સરેરાશ ૭૬૯ મી.મી. વરસાદ થતો હોવાનું નોંધાયુ છે. આ વર્ષે આજે સવારના ૬ વાગ્યા સુધીમાં ૭૯૫ મી.મી. વરસાદ નોંધાયો છે. અર્થાત્ જિલ્લામાં અત્યાર સુધીમાં સિઝનનો ૧૦૩.૩૪ ટકા વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં સૌથી વધુ વરસાદ કલોલ તાલુકામાં ૯૨૦ મી.મી. નોંધાયો છે. જે સિઝનની ટકાવારીમાં જોઈએ તો ૧૧૮.૬૧ ટકા થાય છે. આ પછી દહેગામમાં અત્યાર સુધીમાં ૮૭૭ મી.મી. વરસાદ નોંધાયો છે જે સિઝનની ટકાવારીમાં ૧૦૮.૫૨ ટકા થાય છે.

ગાંધીનગર તાલુકામાં અત્યાર સુધીમાં ૬૦૪ મી.મી. વરસાદ નોંધાયો છે જે સિઝનના ૮૫.૬૩ ટકા છે. જિલ્લામાં સૌથી ઓછો વરસાદ ગાંધીનગરમાં નોંધાયો છે.

માણસા તાલુકો જે ખેતીની પ્રયોગશાળા તરીકે ઓળખાય છે ત્યાં સિઝનનો અત્યાર સુધીમાં ૭૭૧ મી.મી. વરસાદ નોંધાયો છે જે ટકાવારીમાં ૯૬.૨૨ ટકા થાય છે. ગાંધીનગર અને માણસા તાલુકામાં સિઝનનો ૧૦૦ ટકા વરસાદ થયો નથી પરંતુ કલોલ અને દહેગામમાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ થયો છે. જિલ્લામાં ચોમાસુ પાછોતરા વરસાદને કારણે ખીલી ઉઠ્યુ છે એટલુ જ નહિ પાછોતરા વરસાદનો પગલે જિલ્લામાં પાણીની સમસ્યા પણ હળવી બની છે.

માણસા તાલુકામાં લાકરોડા વિયર અને ગાંધીનગરનુ સંતસરોવર પણ ભરાઈ જવા પામ્યા છે. આ ઉપરાંત જિલ્લામાં સુજલામ સુફલામ અંતર્ગત બનેલા ૪૦૦ નવા તળાવોમાં પણ પાણીથી છલોછલ ભરાઈ જવા પામ્યા છે.

ગાંધીનગર મનપાએ પણ બનાવેલા રિચાર્જ વેલ થકી સારો એવો જળસંચય થવા પામ્યો છે જે નોંધનીય છે.

જો કે બીજી તરફ ગાંધીનગર જિલ્લાની નદીઓ સાબરમતી, મેશ્વો, ખારી હજુ આ ચોમાસા દરમ્યાન બે કાંઠે વહેતી જોવા મળી નથી એ પણ નોંધનીય છે.

## જિલ્લાનું કોબા ગામ પ્લાસ્ટીક મુક્ત થયુ

**ગામમાંથી પ્લાસ્ટીક ૧ કિલો લઈ આવનારને રૂ. ૨૦નો પુરસ્કાર પંચાયત આપશે : સરપંચ**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર તાલુકાનુ કોબા ગામ આજે પ્લાસ્ટીકમુક્ત બનાવવાના અભિગમ સાથે સંકલ્પબદ્ધ બન્યુ છે એટલુ જ નહિ પણ ગામમાંથી ૧ કિલો જેટલુ પ્લાસ્ટીક લઈ આવનારને રૂ. ૨૦ પુરસ્કાર તરીકે આપવાનો નિર્ણય પણ ગ્રામ પંચાયતે કર્યો છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પહેલથી આકર્ષયેલા સૌએ તેમના આ નિર્ણયને વધાવ્યો છે. પરંતુ જિલ્લાની ગ્રામ પંચાયતે આવો મહત્વનો નિર્ણય કરી અને પહેલને સફળ બનાવવા નવતર અભિગમ હાથ ધર્યો છે.

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલ કોબા ગામની વસ્તી ૩૫૦૦ થી ૪ હજાર જેટલી છે. જોકે તાજેતરમાં થયેલા વિકાસને કારણે ગામની વસ્તીમાં વધારો થયો છે. સ્વચ્છ ગામ, સ્વસ્થ ગામના અભિગમ સાથે પંચાયત આગળ વધી રહી હોવાનો દાવો ગામના સરપંચ યોગેશભાઈએ આજે વાતચીત દરમ્યાન કર્યો હતો. શૌચાલય સુશોભન સ્પર્ધામાં પણ ગ્રામજનો જોડાયા હતા અને જિલ્લાકક્ષાએ વિજેતા પણ થયા હતા તેમ પણ સરંપચે જણાવ્યુ હતુ.

સીંગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે અને ૨ ઓક્ટો.થી આ અંગે બધી જ પંચાયતો જોડાવાની છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ અંગે અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે ખાસ કાર્યક્રમ યોજી પંચાયતોને આહવાન કરવાના છે. આ પહેલા પંચાયતોના સરપંચોને તેમણે એક અપીલ કરતો પત્ર પણ પાઠવ્યો હતો જે ઉલ્લેખનીય છે.

# ગાંધીનગરમાં પંચકલ્યાણ વિકાસ પ્રકલ્પનો પ્રારંભ

**ગાંધીનગર કલેક્ટર કચેરી દ્વારા ૨,૮૮,૦૦૦થી વધુ સમસ્યાઓની રજૂઆતમાંથી ૨,૮૪,૦૦૦ રજૂઆતોનું હકારાત્મક નિરાકરણ લાવવાના અભિગમને મુખ્યમંત્રી અને મહેસુલ મંત્રીએ બિરદાવ્યો**

ગાંધીનગર, તા. ૨૮

મુખ્મંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના પાટનગર ગાંધીનગર જિલ્લામાં પંચ કલ્યાણ વિકાસ અવસર અંતર્ગત વિવિધ જનસેવાલક્ષી પ્રકલ્પોનો પ્રારંભ કરાવતાં વ્યથા નહિ વ્યવસ્થા થકી અસરકારક સરકારની સૌને અનુભૂતિ થાય તે માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે પારદર્શી સંવેદનશીલ નિર્ણાયક અને પ્રગતિશીલ સરકારની ઈમેજ વધુ મજબૂત કરતા અનેક જનહિત નિર્ણયો અને સામાન્ય માનવી ગરીબ વંચિત પીડિત શોષિતના કલ્યાણ માટે કામ કરતી આ સરકાર છે. કોઈ પર્સનલ એજન્ડા નહિ માત્ર ને માત્ર રાજ્યના સર્વગ્રાહી વિકાસનો જ એજન્ડા આ સરકારનો છે એમ તેમણે સ્પષ્ટ કર્યું હતું.

વિકાસની પરિભાષામાં કોઈ એકલ દોકલ નહિ સર્વાંગી વિકાસથી ગુજરાતને હજુ વધુ સમૃદ્ધ બનાવવું છે એમ પણ તેમણે કહ્યું હતું.



વિજયભાઈ રૂપાણીએ જરૂરિયાતમંદ વ્યકિતને આપાતકાલમાં ત્વરિત મદદ મળી રહે તે માટે હલ્લો એસઓએસ સેવાનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે કુપોષણ મુક્તિ માટે ગાંધીનગર જિલ્લામાં સેવા સંસ્થાઓના સહયોગથી શરૂ થયેલા પોષણ સેતુ તહેત બાળકોને પોષણ આહાર તેમજ કીટ વિતરણ કર્યું હતું અને રાજ્યમાં પ્રથમ એર કન્ડિશન્ડ જનસેવા કેન્દ્ર તેમજ મોડેલ સબ રજિસ્ટ્રાર કચેરીને જિલ્લા સેવાસદનમાં ખુલ્લા મૂક્યા હતા.

મુખ્યમંત્રીએ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાયેલા ઓપન હાઉસ કાર્યક્રમના લાભાર્થીઓને હુકમોના વિતરણ તેમજ શ્રવણ તીર્થદર્શન યોજના અંતર્ગત વડીલોની વંદના કરતા રાજ્યના યાત્રાધામના પ્રવાસે જતી બસનું પ્રસ્થાન કરાવ્યું હતું.

વિકાસ સાથે સંવેદનાનો ભાવ પણ આ સરકારમાં છે તેવું કહી ગાંધીનગર જિલ્લાના પ્રભારી મંત્રી અને મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ વર્ષે ચોમાસું વધુ સારૂ રહેતા મૂંગા પશુઓની ચિંતા કરી છે. મૂંગા પશુઓ માટે ૧૫ કરોડ કિલોગ્રામ ઘાસની ખરીદી કરી છે. ભૂતકાળની સરકારના કામોને વાગોળતાં તેમણે જણાવ્યું હતું કે, પહેલા એક વિકાસના કામ કરવા માટે વર્ષો સુધી રાહ જોવી પડતી હતી. જેની સામે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના શાસનમાં પ્રજા કલ્યાણની ૧૦૦૦ કરતાં વધુ યોજનાઓની અમલી બનાવવામાં આવી છે. તેમણે પ્રજાલક્ષી કાર્યોમાં ઝડપ લાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવા પણ ભાર મુક્યો છે.

● અનુસંધાન પાન-૭ પર


તૃતીય માસિક પૂણ્યતિથીએ

શ્રદ્ધાંજલિ



ગં.સ્વ. ચંદ્રકલાબેન ઇન્દુલાલ જાની

સ્વ.તા. ૨૯-૬-૨૦૧૯

સદાય અમારા મનમાં
સદાય અમારા હૃદયમાં
પ્રભુ આપના પવીત્ર આત્માને
પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના


જયેશભાઈ જાની
હીતાબેન જાની
રાજેશભાઈ જાની
મૃણાલીનીબેન જાની
જવલ, વૈભવ, રૂચા, પ્રેક્ષા
ભાવીની, તનિષ્કા, મહિમ્ન
તથા સમસ્ત પરિવાર



ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧



બેસણું - બ્રહ્મભટ્ટ



અમારા પરમ પુજ્ય માતૃશ્રી ગં.સ્વ.શારદાબેન હરીશભાઈ બ્રહ્મભટ્ટ તા.૨૮-૯-૨૦૧૯ ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. સદ્દગતનું બેસણું તા.૩૦-૯-૨૦૧૯ ને સોમવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમ્યાન નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, કલેકટર કચેરી સામે, સેકટર-૧૨, ગાંધીનગર.

લિ.
ઉદયભાઈ હરીશભાઈ બ્રહ્મભટ્ટ (પુત્ર)
પારૂલબેન ઉદયભાઈ બ્રહ્મભટ્ટ (પુત્રવધુ)
કેયુર ઉદયભાઈ બ્રહ્મભટ્ટ (પૌત્ર)
ડાॅ.વિનિતા ઉદયભાઈ બ્રહ્મભટ્ટ (પૌત્રી)
મીનાબેન નરેન્દ્રકુમાર બ્રહ્મભટ્ટ (પુત્રી)
કમલનયન હરીશભાઈ બ્રહ્મભટ્ટ (પુત્ર-એડવોકેટ)
સોનલ કમલનયન બ્રહ્મભટ્ટ (પુત્રવધુ)
નમન કમલનયન બ્રહ્મભટ્ટ (પૌત્ર)
કૃતિ કમલનયન બ્રહ્મભટ્ટ (પૌત્રી)
રેખાબેન પ્રકાશકુમાર ઈનામદાર (પુત્રી)
દિપાલી, વિવેક, મિહિર, પાવન



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com